ક્રમાંક/વાવેક/વવટ/વ્યવસ/૨૦૦૮-૦૯/જા. ૨૯૫૭ ૨૭/૨/૦૯

વાણિજિયક વેરા કમિશનર કચેરી,
ડી-૧,વાણિજિયક વેરા ભવન,
ટાઇમ્સ ઓફ ઇન્ડિયાની બાજુમાં
આશ્રમરોડ,નવરંગપુરા,અમદાવાદ.
તા.૧૯/૨/૨૦૦૯

પ્રતિ,

એડીશનલ કમિશનર શ્રી,(પ અને ઇ )
સુરત મહાનગર પાલિકા,સુરત

વિષય :-વ્યવસાયવેરા કાયદા બાબતે સ્પષ્ટતા થવા બાબત

સંદર્ભ :-(૧)નાણાં વિભાગનો પત્ર તા.૭૧૧/૨૦૦૮
(૨)આપશ્રીની રજુઆત તા.૨૫/૯/૦૮

ઉપરોકત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે આપની સંદર્ભ નં.૨ મુજબની વ્યવસાયવેરા કાયદા અન્વયેની રજુઆત માર્ગદર્શન અર્થે નાણાં વિભાગ, ગાંધીનગરના સંદર્ભ નં-૧ ના પત્રથી મળેલ છે. સદર પત્રથી માંગેલ માર્ગદર્શન/સ્પષ્ટતાઓ નીચે મુજબની વિગતે આપવામાં આવે છે.

૧) પેરા નં-૧ મુજબની રજુઆત અન્વયે સ્પષ્ટતા કરવાની કે સરકારશ્રીએ તા.૧/૪/૨૦૦૮ થી વ્યવસાયવેરા કાયદામાં સુધારા અને ફેરફાર કરેલ છે.પરંતુ અગાઉના ક.૨૬(એ) હેઠળના જાહેરનામા સરકારશ્રીએ રદ કરેલ નથી. કે સુધારેલ નથી.જેથી સીનીયર સીટીઝન , અંધ કે અપંગ વ્યકિતઓને મળવાપાત્ર લાભો ચાલુ રહે છે.

૨) વ્યવસાયવેરા (સુધારા) વિધેયક ૨૦૦૮ માં ક.૩(૨) માં ખંડ(ઘ)માં ઉમેરેલ સ્પષ્ટીકરણ મુજબ - પેઢી,કંપની,કોર્પોરેશન અથવા અન્ય સંસ્થાપિત મંડળ,કોઇપણ મંડળી,કલબ અથવા એસોસીયેશનની દરેક શાખા વ્યકિત તરીકે ગણાશે.અને આ અધિનિયમ હેઠળ વેરો લેવાના હેતુ માટે અલગ કરદાતા ગણાશે.-જેથી ઉક્ત વિગતે દરેક શાખા એ અલગ-અલગ વ્યકિત ગણી હોઇ દરેક શાખાએ વેરો ભરવાનો રહેશે.

૩) વ્યવસાયવેરા (સુધારા) વિધેયક-૨૦૦૮ ની ક.૪(૨) અન્વયે કોઇપણ એક વ્યકિતના સંબંધમાં આવો ભરવાપાત્ર વેરો કોઇપણ વર્ષમાં બે હજાર.અને પાંચસો રૂપિયાથી વધુ રહેશે નહિ.

અધિક વાણિજિયકવેરા કમિશનર
(વહીવટ)